BUSINESS મિત્ર

21 મહિનાનો સૌથી મોટો કડાકોઃ રોકાણકારોના 11.5 લાખ કરોડ ડૂબ્યા

શેરબજારમાં ભયાનક કડાકોઃ સેન્સેક્સ 2500 પોઈન્ટ તૂટ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 19: ભારતીય શેરબજારમાં સપ્તાહની શરૂઆતમાં ત્રણ દિવસમાં ઉછાળો આવ્યો હતો, જે આજે એક કારોબારી દિવસમાં ભૂંસાઇ ગયો હતો. જે શેરબજારમાં 21 મહિનાનો સૌથી મોટો કડાકો છે. આજે સેન્સેક્સ 2500 પોઇન્ટનો કડાકો બોલાઇ ગયો હતો. જેના લીધે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 11.5 લાખ કરોડનું ગાબડું પડી ગયું છે.

ઇરાન-યુએસ અને ઇઝરાયેલના હુમલામાં ગેસ પુરવઠો ખોરવાઇ જવા પામ્યો હતો. જે દિવસ દરમ્યાન હુમલાઓ ચાલુ રહેતા ક્રુડ ઓઇલના ભાવમાં ભારે ઉછાળો આવ્યો હતો અને ક્રુડના ભાવ 120 ડોલરની ઉપર બોલાતા થઇ જતા શેરબજારમાં ચોતરફી વેચવાલીનું માહોલ જોવા મળ્યું હતું. જેના લીધે એક તબક્કે નિફ્ટીએ 23000 પોઇન્ટની મનોવૈજ્ઞાનિક સપાટી તોડી નાંખી હતી. બેન્ક નિફ્ટીમાં પણ 2000 પોઇન્ટનો ઘટાડો નોંધાયો હતો. એવું માનવામાં આવી રહ્યું છે કે, છેલ્લા 21 મહિના એટલે કે જુન 2024 પછી નિફ્ટીનો સૌથી મોટો ઘટાડો છે.

ચોતરફી વેચવાલીના પગલે તમામ સેકટરો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. સૌથી વધુ દબાણ બેન્કીગ અને એનબીએફસી સેકટરમાં જોવાયું હતું. જેઓ 3 ટકા જેટલા તૂટયા હતા. જેમાં સૌથી વધુ એચડીએફસી બેન્ક તૂટ્યો હતો. મિડકેપ અને સ્મોલકેપ શેરો પણ ઘટાડામાં બાકી રહ્યા નથી.

ક્રુડ ઓઇલના ભાવ ફરીથી 120 ડોલર પ્રતિ બેરલની ઉંચી સપાટીએ પહોંચી ગયો હતો, જેથી ઓઇલ અને ગેસની ચિંતા વધી હોવાથી શેરબજારમાં વેચવાલી હાવી રહી હતી. જેના લીધે બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ઘટીને રૂ. 427.38 લાખ કરોડ થઇ ગયું છે. જે ગત સેશનમાં રૂ. 439 લાખ કરોડનું હતું. આમ, રોકાણકારોની સંપત્તિમાં રૂ. 11.62 લાખ કરોડ સ્વાહા થઇ ગયા છે.

બીએસઇ સેન્સેક્સ 2496.89 પોઇન્ટ એટલે કે 3.26 ટકા ઘટીને 74207.24 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 75354 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73950 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 775.65 પોઇન્ટ એટલે કે 3.26 ટકા ઘટીને 23002.15 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23378 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23000 પોઇન્ટની સપાટી તોડીને 22930 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1875.05 પોઇન્ટ તૂટીને 53451 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે વોલ્ટાસ લિ.માં 8.89 ગણા, એચડીએફસી બેન્કમાં 2.31 ગણા, અદાણી ટોટલ ગેસમાં 2.08 ગણા, ગુજરાત ગેસમાં 1.98 ગણા, એકમે સોલારમાં 1.84 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે જેપી પાવરમાં 5.14 ગણા, ગુજરાત ફ્લુરોકેમમાં 4.54 ગણા, સન ટીવી નેટવર્કમાં 3.76 ગણા, એથર એનર્જીમાં 3.48 ગણા અને એચડીએફસી બેન્કમાં 3.47 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી હાવી રહી હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 3.04 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 2.58 ટકા તૂટયા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું પડ્યું હતું. બીએસઇ ખાતે 1057 શેરો વધ્યા હતા, જ્યારે 3186 શેરો ઘટયા હતા અને 161 શેરો યથાવત રહ્યા હતા.

ઓટો શેરોમાં વેચવાલીએ નિફ્ટી ઓટો ઇન્ડેક્સ 4.25 ટકા તૂટયો હતો. જેમાં અશોક લેલેન્ડ, ભારત ફોર્જ, મહિન્દ્રા-મહિન્દ્રા, સંવર્ધન મધરસન, ટીએમપીવી, હીરો મોટો, બજાજ ઓટો, મારૂતિ સુઝુકી, આઇશર મોટર અને યુનો મીન્ડા ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે ઇરાન અને કતારના ગેસ પ્લાન્ટ પરના હુમલાના પગલે તણાવ વધતા યુરોપિયન બજારો ઘટયા હતા. યુરોપિયન સેન્ટ્રલ બેન્ક અને બેન્ક ઓફ ઇંગ્લેન્ડ વધતા ફુગાવાન જોખમો અને ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા વચ્ચે સાવચેતીભર્યુ વલણ જાળવી રાખીને વ્યાજદરમાં યથાવત રાખવાની અપેક્ષા છે. આ દરમ્યાન યુકેમાં બેરોજગારી દર 5.2 ટકાનો સ્થિર રહ્યો હતો. એશિયન બજારો પણ લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. બેન્ક ઓફ જાપાને વ્યાજદરને 0.75 ટકાનો સ્થિર રાખ્યો હતો.

ફોરેક્સ બજાર

ડોલર	92.63 રૂ.
યુરો	106.47 રૂ.
પાઉન્ડ	123.50 રૂ.
યેન	0.5824 રૂ.

સેન્સેક્સ	-2496.89	74207.24
નિફ્ટી	-775.65	23002.15
બેન્ક નિફ્ટી	-1875.05	53451.00

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઓએનજીસી	1.55	269.10

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
શ્રીરામ ફાઇનાન્સ	7.03	949.80
ઇટર્નલ	5.69	228.74
બજાજ ફાઇનાન્સ	5.44	832.74
એચડીએફસી બેન્ક	5.32	798.20
મહિન્દ્રા-મહિન્દ્રા	5.26	3045.40

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
લાર્સન ટુબ્રો	1.64	3600.35
તાતા મોટર્સ	1.26	987.10
મારૂતિ સુઝુકી	1.14	12848.15
મહિન્દ્રા-મહિન્દ્રા	0.93	2833.80
અલ્ટ્રાટેક સિમેન્ટ	0.92	10930.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇટર્નલ	5.65	228.90
બજાજ ફાઇનાન્સ	5.42	832.00
મહિન્દ્રા-મહિન્દ્રા	5.25	3045.60
એચડીએફસી બેન્ક	5.13	799.70
લાર્સન-ટુબ્રો	4.72	3435.25

હવે ડોલરના બદલે 'રૂપિયા'માં ખરીદાશે ક્રૂડ

સાઉદી-UAE સહિત 6 દેશો સાથે સ્થાનિક ચલણમાં વેપારની તૈયારી

ડોલર પરથી નિર્ભરતા ઘટશે

નવી દિલ્હી, તા. 20: મધ્ય પુર્વમાં ચાલી રહેલા તણાવથી ક્રુડ ઓઇલના ભાવમાં ઉછાળો થતાં ભારત જેવા આયાતી દેશને બેવડો ફટકો પડે છે. જેઓ ઉંચા ક્રુડના ભાવની સાથે રૂપિયો નબળો પડતો હોવાથી ઉંચા ડોલરમાં ચુકવણી કરવી પડે છે. જેના લીધે ભારત હવે નવી વેપાર નીતિ તૈયાર કરી રહી છે અને આ નીતિમાં ફેરફાર કરવા માગે છે, જેમાં ખાડી દેશો એટલે કે ગલ્ફ દેશો સાથે સ્થાનિક ચલણમાં વેપાર માળખું બનાવવા પર વિચાર કરી રહ્યું છે. જેથી આયાત બિલનો ખર્ચ અને બાહ્ય આંચકાઓની અસર ઓછી થઇ શકે. લાંબા ગાળાની વ્યૂહરચનાના ભાગરૂપી સરકાર આ દિશામાં આગળ વધવા ઇચ્છી રહી છે.

સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ક્રુડ ઓઇલ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓની આયાત પર ભૌગોલિક રાજકીય વધઘટની અસરને મર્યાદિત કરવાનો છે. ભારત તેની ક્રૂડ ઓઇલ અને કુદરતી ગેસની જરૂરિયાતો માટે ગલ્ફ દેશો પર નિર્ભર છે. આવી સ્થિતિમાં, ભૌગોલિક રાજકીય તણાવ અને તેલના ભાવમાં વધારાની સીધી અસર દેશની અર્થવ્યવસ્થા પર પડે છે.

આ નવી વ્યવસ્થા હેઠળ ભારત અને ખાડીના દેશો અમેરિકન ડોલરને બદલે પોતપોતાની સ્થાનિક ચલણમાં વેપાર કરી શકે છે. આનાથી કરન્સી એક્સચેન્જની કિંમતમાં ઘટાડો થશે અને ડોલર પરની નિર્ભરતા ઘટશે.

આ પહેલ મુખ્યત્વે ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (જીસીસી) દેશો પર લાગુ થઇ શકે છે, જેમાં સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત, કુવૈત, કતાર, ઓમાન અને બહેરીનનો સમાવેશ થાય છે. ભારતની કુલ ક્રુડ ઓઇલની આયાતનો લગભગ 28 ટકા હિસ્સો આ દેશોમાંથી આવે છે. આમાં સાઉદી અરેબિયા અને યુએઇનો સૌથી મોટો હિસ્સો છે.

ક્રુડ ઓઇલના ભાવ ઉછળતાં ભારત તેના ક્રુડની જરૂરિયાતના લગભગ 85 ટકા માટે આયાત પર નિર્ભર છે, તેથી આ ભાવની વધઘટની સીધી અસર આયાત બિલ, વેપાર ખાધ અને ફુગાવા પર પડે છે.

એટલું જ નહીં, રૂપિયાની નબળાઇ પણ આયાતને વધુ મોંઘી બનાવી રહી છે. આવી સ્થિતિમાં, સ્થાનિક ચલણમાં વેપાર કરવાથી વિનિમય દરનું જોખમ ઓછું થઇ શકે છે.

HSBCમાં AIનો ફુંફાડો

20,000 કર્મચારીઓની છટણીની તૈયારી, ગ્લોબલ સ્ટાફમાં 10%નો કાપ

નવી દિલ્હી, તા. 19: લંડનમાં હેડકવાર્ટર ધરાવતી ઇન્વેસ્ટમેન્ટ બેન્ક એચએસબીસી આગામી વર્ષોમાં મોટા પાયે છટણી પર વિચાર કરી રહી છે. એક રિપોર્ટ અનુસાર એચએસબીસીના સીઇઓ જયોર્જ એલ્હેડ્રી બેન્કની કામગીરીને સરળ અને ઝડપી બનાવવા માટે એઆઇનો ઉપયોગ વધારવા માગે છે. મીડિયા રિપોર્ટ અનુસાર ખાસ કરીને, તે નોકરીઓ કે જે ગ્રાહકો સાથે સીધો સંબંધ નથી તે વધુ અસર કરી શકે છે, જેમ કે મિડલ અને બેન્ક ઓફિસ કામ. જોકે, હજુય પણ પ્રારંભિક સ્તરે આ અંગે ચર્ચા ચાલી રહી છે, અંતિમ નિર્ણય લેવાયો નથી. મીડિયા રિપોર્ટસ કહે છે કે, આ ફેરફારથી લગભગ 20 હજાર નોકરીઓ પ્રભાવિત થશે. જે બેન્કના કુલ વૈશ્વિક કર્મચારીઓના 10 ટકા છે. જોકે, આ સંદર્ભમાં બેન્ક તરફથી કોઇ સત્તાવાર ટિપ્પણી કરવામાં આવી નથી. મધ્ય પુર્વના તણાવમાં વધારો થયો તે પહેલા જ આવા પરિવર્તન પર ચર્ચા શરૂ થઇ ગઇ હતી. 2024માં સીઇઓ બન્યા પછી જયોર્જે બેન્કમાં મોટા ફેરફાર શરૂ કર્યા છે.

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૦૮૦૦
તેજાબી સોનું	૧૫૦૭૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૩૨૬૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૭૭૯૦
સોનાનાં બિસ્કીટ	૧૫૦૮૦૦૦
ચાંદી (૯૯૯)	૨૩૪૦૦૦
ચાંદી સિક્કા	૨૩૫૦૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૭૮૦	કોપરેલ	૬૩૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૫૮૦	વનસ્પતિ ઘી	૨૩૨૦
સીંગતેલ (૫ લી)	૮૩૦	સનફ્લાવર	૨૩૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૩૬૦	તલતેલ	૪૯૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૧૫૦	દિવેલ	૨૪૬૦
કપાસીયા (૫ લિ.)	૭૮૦	મકાઇ તેલ	૨૩૫૦
સરસીયું તેલ	૨૯૦૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૦૦
એસ-૩૦	૪૨૫૦

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.	૭૫/૩૬ ,,	૧૧૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩	૫૦/૩૬ ,,	૧૨૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૨૯
૩૦/૩૬ એફડી	૨૩૮	૫૦/૪૮ SD/કેપ	૧૮૫	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૧૪.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૬૧
૬૮/૩૬	૧૧૯	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૨
૭૨/૩૬ ક્રિમ્પ	૧૧૮	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૧૨	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૧૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૧૩	૮૦/૭૨ રોટો	૧૨૦	૭૫ ક્રિમ્પ	૧૧૬
૩૦/૧૪ ક્રિમ્પ	૧૫૮	૮૦/૭૨ ફોલ્ડર	૧૨૯	૮૦ ક્રિમ્પ	૧૧૫
૮૦/૭૨ રોટો.	૧૧૭.૫	૧૬૦ ડીસ્કેટ	૧૨૯	૮૦/૭૨ રોટો	૧૧૮
૮૦/૩૬ રોટો.	૧૧૬	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૧૨	૮૦/૧૦૮ ,,	૧૨૪	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૧૬

ફેડરલ રિઝર્વે વ્યાજદર જાળવી રાખ્યા

ભવિષ્યમાં વ્યાજ દરોનો નિર્ણય આર્થિક ડેટા, બદલાતા વૈશ્વિક દૃશ્ય અને જોખમોના સંતુલનને ધ્યાનમાં રાખીને નક્કી કરાશે

નવી દિલ્હી, તા. 19: યુએસ સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વે બુધવારે તેના મુખ્ય વ્યાજ દરને 3.5 ટકાથી 3.75 ટકાની રેન્જમાં રાખવાનો નિર્ણય કર્યો છે. ફેડે જણાવ્યું હતું કે ઉપલબ્ધ સૂચકાંકો સૂચવે છે કે આર્થિક પ્રવૃત્તિ મજબૂત ગતિએ વધી રહી છે, જોકે ફુગાવો હજી પણ ઊંચા સ્તરે છે.

સત્તાવાર નિવેદન અનુસાર, રોજગારમાં વૃદ્ધિ મર્યાદિત રહી છે અને તાજેતરના મહિનાઓમાં બેરોજગારી દરમાં વધુ ફેરફાર જોવા મળ્યો નથી. ફેડે લાંબા ગાળે મહત્તમ રોજગાર અને 2 ટકા ફુગાવાના તેના બેવડા લક્ષ્યને પુનરાવર્તિત કરતા કહ્યું હતું કે આર્થિક દૃષ્ટિકોણ વિશે અનિશ્ચિતતા હજી પણ ઊંચી છે.મધ્ય પૂર્વમાં ચાલી રહેલા વિકાસનો ઉલ્લેખ કરતા ફેડે કહ્યું કે તે હજી સ્પષ્ટ નથી કે યુએસ અર્થતંત્ર પર તેની શું અસર પડશે. સમિતિએ કહ્યું કે તે તેના બંને લક્ષ્યો, રોજગાર અને ફુગાવા સાથે સંકળાયેલા જોખમો પર નજીકથી નજર રાખી રહી છે.

કેન્દ્રીય બેંકે સંકેત આપ્યો હતો કે ભવિષ્યમાં વ્યાજ દરોમાં કોઇપણ ફેરફાર આગામી આર્થિક ડેટા, બદલાતા વૈશ્વિક દૃશ્ય અને જોખમોના સંતુલનને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવશે. ફેડે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે જો તેના લક્ષ્યોને અવરોધતા જોખમો ઉભા થાય છે, તો તે નાણાકીય નીતિના વલણમાં યોગ્ય ફેરફારો કરવા તૈયાર છે. ફેડરલ ઓપન માર્કેટ કમિટીના એક સભ્યને બાદ કરતા મોટાભાગના સભ્યોએ આ નિર્ણયને ટેકો આપ્યો હતો.

ગલ્ફના મુસ્લિમ દેશો સંગઠિત થઈને નાટો જેવું સંગઠન બનાવી શકશે ખરા?

ગલ્ફના દેશો પેટ્રોડોલરને કારણે સમૃદ્ધિમાં આળોટે છે પણ સંરક્ષણ બાબતમાં તદ્દન પછાત છે. તાજેતરમાં ઈરાનનાં મિસાઈલો દુબઈ, અબુધાબી, બહેરીન, કુવૈત, ઓમાન વગેરે પ્રદેશો પર ત્રાટક્યાં ત્યારે તેમની આ નબળાઈ છતી થઈ ગઈ હતી. ગલ્ફમાં વધતા પ્રાદેશિક તણાવ વચ્ચે કતારના ભૂતપૂર્વ વડા પ્રધાન હમાદ બિન જાસિમ બિન જાબેર અલ થાનીનું એક સૂચન સમાચારમાં છે. હવે ફરી એક વાર આરબ-ઇસ્લામિક રાજકીય અને લશ્કરી જોડાણ અંગે ચર્ચા જોર પકડી રહી છે. હમાદ બિન જાસિમ બિન જાબેર અલ થાનીએ ગલ્ફ કો ઓપરેશન કાઉન્સિલ (GCC) દેશોને તાત્કાલિક તેમના મતભેદો ઉકેલવા અને નાટોની જેમ અસરકારક લશ્કરી અને સુરક્ષા જોડાણ બનાવવાનું સૂચન કર્યું છે. તેમનું કહેવું છે કે આ જોડાણમાં સાઉદી અરેબિયાએ કેન્દ્રિય ભૂમિકા ભજવવી જોઈએ અને પાકિસ્તાન અને તુર્કી સાથે ઊંડો સહયોગ હોવો જોઈએ.

આ ચર્ચા એવા સમયે થઈ રહી છે જ્યારે અમેરિકાએ ઈરાન પર હુમલો કરવા માટે મધ્ય પૂર્વમાં વધારાના ઓછામાં ઓછા પાંચ હજાર અમેરિકન સૈનિકો અને યુદ્ધ જહાજો મોકલવાની જાહેરાત કરી છે.એ યાદ રાખવું જોઈએ કે અગાઉ મુસ્લિમ ગઠબંધન બનાવવાનો વિચાર સપ્ટેમ્બર ૨૦૨૪ માં તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. તેમણે સૂચન કર્યું હતું કે મુસ્લિમ દેશોએ ઇઝરાયલના કથિત વિસ્તરણવાદી ખતરાનો સામનો કરવા માટે એક થવું જોઈએ. સપ્ટેમ્બર ૨૦૨૫ માં પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાને પણ ઇસ્લામિક નાટોની રચનાની માંગણી કરી હતી. ૨૦૧૭ માંસાઉદી અરેબિયાના નેતૃત્વ હેઠળના ૩૪ ઇસ્લામિક દેશોના લશ્કરી ગઠબંધનની કમાન પાકિસ્તાનના ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ રાહીલ શરીફને સોંપવામાં આવી હતી ત્યારે ઈરાને આ ગઠબંધનનું નેતૃત્વ જનરલ રાહીલ શરીફને સોંપવા પર ઊંડી ચિંતા અને વાંધો વ્યક્ત કર્યો હતો. તે સમયે પણ ગલ્ફના દેશો વચ્ચે ઐતિહાસિક હરીફાઈ અને વિરોધાભાસી પ્રાદેશિક હિતોને કારણે આ જોડાણ પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો.

આ મતભેદો હજુ પણ અસ્તિત્વમાં છે અને કોઈ પણ નવાં જોડાણ માટે નોંધપાત્ર અવરોધ ઊભો કરે છે.યમનના મુદ્દા પર સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત (UAE) વચ્ચેના મતભેદો અને કતાર અને UAE વચ્ચે ભૂતકાળમાં થયેલો તણાવ આનાં મુખ્ય ઉદાહરણો છે. યમન યુદ્ધે સાઉદી અરેબિયા અને યુએઈના ભૌગોલિક અને રાજકીય હિતો અલગ અલગ રીતે ખુલ્લાં પાડ્યાં છે. તેવી જ રીતે, ઓપેકમાં તેલ ઉત્પાદનના નિર્ણયો પરના તેમના વલણ અને આફ્રિકા અને લાલ સમુદ્રમાં પોતાનો પ્રભાવ વધારવાના તેમના પ્રયાસો પણ અલગ અલગ થયા છે. વધુમાં, દરિયાઈ સીમા-વિવાદો અને યાસત પ્રદેશને દરિયાઈ સંરક્ષિત ક્ષેત્ર તરીકે જાહેર કરવા જેવા મુદ્દાઓ પર બંને દેશો વચ્ચે તણાવ જોવા મળ્યો છે. કેટલાક વિશ્લેષકો આ મુદ્દાઓને આ બે ખાડી શક્તિઓ વચ્ચેની મૌન સ્પર્ધા તરીકે વર્ણવે છે. આવી ખેંચતાણને જોતાં પ્રશ્ન એ થાય છે કે ગલ્ફ નાટો બનાવવાનો વિચાર કેટલી હદ સુધી વાસ્તવિકતા બની શકે છે અને તેમાં કયા અવરોધો ઊભા થઈ શકે છે?જો ગલ્ફના દેશો તુર્કી અને પાકિસ્તાન સાથે લશ્કરી અને સંરક્ષણ સહયોગ વધારવા માંગતા હોય, તો પાકિસ્તાન ખરેખર આ ભૂમિકા કેટલી હદ સુધી ભજવી શકે તેમ છે?

કતારના ભૂતપૂર્વ વડા પ્રધાન હમાદ બિન જાસિમે રાજકીય અને લશ્કરી જોડાણ માટે દબાણ કરતાં X પર લખ્યું કે આપણા ક્ષેત્રમાં વર્તમાન યુદ્ધ કોઈ દિવસ સમાપ્ત થશે, પરંતુ તેમાંથી પાઠ અને બોધપાઠ શીખવા મહત્ત્વપૂર્ણ છે.ગલ્ફ કો ઓપરેશન કાઉન્સિલે ઉત્તર એટલાન્ટિક સંધિ સંગઠન (NATO) ની જેમ એકતા અને એકતાને અસરકારક અને વાસ્તવિક લશ્કરી અને સુરક્ષા જોડાણમાં રૂપાંતરિત કરવી જોઈએ. તેમણે પ્રસ્તાવ મૂક્યો કે સાઉદી અરેબિયાએ આમાં સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવી જોઈએ, કારણ કે તે સૌથી મોટો દેશ છે. યુદ્ધ સમાપ્ત થવાની રાહ જોયા વિના તૈયારીઓ શરૂ કરવી જોઈએ અને જનતાને સુરક્ષિત રાખવા માટે મતભેદોનું નિરાકરણ લાવવું જોઈએ. ઈરાનનું ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે પ્રતિબંધો છતાં તેણે મિસાઈલ ઉદ્યોગ સ્થાપ્યો અને કમનસીબે તે જ મિસાઈલોનો ઉપયોગ ગલ્ફ દેશોને નિશાન બનાવવા માટે કરવામાં આવ્યો.જો કે, તેમણે એમ પણ કહ્યું કે આ યુદ્ધની જવાબદારી ઇઝરાયલની છે, જેણે આ પ્રદેશમાં લશ્કરી, આર્થિક અને રાજકીય પ્રભુત્વ મેળવવા માટે આગ સળગાવી છે.હમાદ બિન જાસિમે સૂચન કર્યું કે ગલ્ફ દેશો ઇઝરાયલ અને ઈરાન બંને સામે એક થાય. ઈરાન એક પાડોશી છે, તેથી તેની સાથે વાટાઘાટો માટે સ્પષ્ટ વ્યૂહરચના જરૂરી છે, જ્યારે ઇઝરાયલ સાથેના સંબંધો સારા પડોશી ભાવ અને પેલેસ્ટિનિયન અધિકારોના રક્ષણ પર આધારિત હોવા જોઈએ. અંતે તેમણે લખ્યું કે ગલ્ફ કાઉન્સિલના દેશો પર હુમલા છતાં ઘણા આરબ દેશોનું મૌન આશ્ચર્યજનક છે.

જો ગલ્ફના દેશો તુર્કી અને પાકિસ્તાન સાથે લશ્કરી અને સંરક્ષણ સહયોગને વધુ ગાઢ બનાવવા માંગતા હોય તો પાકિસ્તાન શું ભૂમિકા ભજવી શકે છે? પાકિસ્તાન રાજકીય અને ક્ષમતા બંને દૃષ્ટિએ કેટલીક મર્યાદાઓનો સામનો કરે છે. પાકિસ્તાન આધુનિક લશ્કરી ટેકનોલોજી અને શસ્ત્રો માટે ચીન પર ખૂબ નિર્ભર છે. તેથી, જો પાકિસ્તાન ખાડી દેશોને કંઈ પણ પૂરું પાડે છે, તો તેનો અર્થ એ પણ થશે કે ચીની ટેકનોલોજી અને શસ્ત્રો પરોક્ષ રીતે ખાડી બજારો સુધી પહોંચશે. વધુમાં, ખાડીમાં પાકિસ્તાનના સંરક્ષણ સંબંધો હાલમાં મુખ્યત્વે સાઉદી અરેબિયા સાથે છે. આનો અર્થ એ છે કે શસ્ત્રો વેચવાનું બજાર મોટે ભાગે સાઉદી અરેબિયામાં જોવા મળશે. બીજી બાજુ, તુર્કી તુલનાત્મક રીતે વધુ અદ્યતન ઔદ્યોગિક આધાર ધરાવે છે અને તે ગલ્ફના દેશો સાથે ઉત્પાદન પ્રોજેક્ટમાં જોડાઈ શકે છે. પાકિસ્તાન પરંપરાગત રીતે ગલ્ફની રાજાશાહીઓને માનવશક્તિ પૂરી પાડતું હતું, પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. સાઉદી અરેબિયાએ તેની સેનામાં ભારે રોકાણ કર્યું છે અને તે તેના જીડીપીના સાત ટકા સંરક્ષણ પર ખર્ચ કરે છે. આ ખર્ચ પાકિસ્તાનના લશ્કરી બજેટનો અડધો ભાગ છે. તેને હવે પાકિસ્તાની સૈનિકો પર વધુ આધાર રાખવાની જરૂર નથી. ઇસ્લામિક નાટોમાં પાકિસ્તાનના સમાવેશ સામે ઈરાન પણ વિરોધ કરે તેવું બની શકે છે.

કેટલાંક લોકો હમાદ બિન જાસીમ દ્વારા ગલ્ફ પ્રદેશમાં અમેરિકાના મિલિટરી બેઝ પર વાત ન કરવા બદલ ગુસ્સે ભરાયેલા દેખાયા અને તેમણે કહ્યું કે બધી સમસ્યાઓ અહીંથી શરૂ થાય છે. આરબોએ અમેરિકા સામે ઝૂકવાનું બંધ કરવું જોઈએ. GCCના નેતૃત્વ હેઠળ લશ્કરી અને સંરક્ષણ ઔદ્યોગિક આધાર બનાવવાનું લક્ષ્ય કેટલું વાસ્તવિક છે અને અમેરિકા તેની કેવી પ્રતિક્રિયા આપી શકે છે? જ્યારે રાષ્ટ્રીય સુરક્ષા અને શસ્ત્રોના ઉત્પાદનની વાત આવે છે, ત્યારે શું આપણે વિદેશી કામદારો પર આધાર રાખી શકીએ? અમેરિકા પર નિર્ભરતા હાલ અને ભવિષ્યમાં ચાલુ રહેશે, કારણ કે તેનો કોઈ વિકલ્પ નથી અને ગલ્ફની સેનાઓ અમેરિકાનાં શસ્ત્રો પર નિર્ભર રહેશે.માળખાગત સુવિધાઓ બનાવવામાં ઓછામાં ઓછાં દસ વર્ષ લાગશે અને કદાચ બીજાં ૨૦-૩૦ વર્ષ લાગશે. એવું કહી શકાય કે આ ફક્ત એક સ્વપ્ન છે અને અમેરિકા તેના પર વધુ ધ્યાન આપશે નહીં. પ્રોફેસર મેહરાન કામરાફાને પણ ખાતરી નથી કે આવો ઔદ્યોગિક આધાર બનાવવામાં આવશે, કારણ કે તેમના મતે લશ્કરી ક્ષમતાઓથી લઈને કમાન્ડ અને કંટ્રોલ સુધીના મુદ્દાઓમાં ગલ્ફના દેશો વચ્ચે મજબૂત સ્પર્ધા છે. મેહરાન કામરાફા માને છે કે ગલ્ફના દેશો સૈદ્ધાંતિક અથવા મૌખિક રીતે એક થઈ શકે છે, પરંતુ લશ્કરી થાણાં માટે લાંબા ગાળાનું આયોજન, રોકાણ, લોજિસ્ટિક્સ અને વ્યાવહારિક પરિસ્થિતિઓની જરૂર પડે છે, જે હાલમાં શક્ય લાગતું નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

આ ચર્ચા એવા સમયે થઈ રહી છે જ્યારે અમેરિકાએ ઈરાન પર હુમલો કરવા માટે મધ્ય પૂર્વમાં ઓછામાં ઓછા પાંચ હજાર અમેરિકન સૈનિકો અને યુદ્ધ જહાજો મોકલવાની જાહેરાત કરી છે

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૬
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૦
+(GST)

વ્યવસાયીક ધંધાકીય

વુલન સ્વેટરો, રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડભારવાડ, સુરત.

CM PEST CONTROL લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/